# <u>અંગદાન જાગૃતિ માટે "સ્વૈચ્છિક સંકલ્પ સત્ર" કાર્યક્રમ</u>

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી તથા અંગદાન ચેરીટેબલ ટ્રસ્ટ Angdaan Charitable Trustના સંયુક્ત ઉપક્રમે તારીખ 17/9/2022ના રોજ દેશના યશસ્વી મા. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના જન્મદિવસે " Extension Activities Cell " દ્વારા અંગદાન જાગૃતિ માટે "સ્વૈચ્છિક સંકલ્પ સત્ર" નું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં યુનિવર્સિટીના કુલસચિવશ્રી, તમામ નિયામકશ્રીઓ, અધ્યાપકશ્રીઓ અને તમામ કર્મચારીઓ હાજર રહ્યાં હતાં. અંગદાન જાગૃતિ અંગે સંકલ્પ ભાગ લેવામાં આવ્યો. આ કાર્યક્રમની શરૂઆત સૌ પ્રથમ યુનિવર્સિટીની પરંપરા મુજબ દીપ પ્રાગટ્ય અને યુનિવર્સિટી ગાનથી કરવામાં આવી હતી. ત્યારબાદ શ્રી વિક્રમભાઈ સૂર્યવંશી ( આસિસ્ટન્ટ પ્રોફેસર- રાજય શાસ્ત્ર) દ્વારા અંગદાન વિશેની માહિતી પૂરી પાડવામાં આવી. ત્યારબાદ ડૉ. મનોજ શાહ (ઈ/ચા. કુલપતિશ્રી) દ્વારા અંગદાન શા માટે કરવામાં આવે છે ? તેનું જીવનમાં શું મહત્વ છે ? તેની વિસ્તૃત માહિતી આપવામાં આવી. ત્યારબાદ સૌ પરીવાજનોએ સાથે મળીને આગળ પોતાના પરિવારજનો તથા નિકટના લોકો સુધી અંગદાન જાગૃતિ અંગે માહિતી પહોંચાડવા પ્રતિબદ્ધતા દર્શાવી. અને સૌ પરિવારજનોએ સૌએ સાથે મળીને અંગદાન પ્રતિજ્ઞા લીધી.

## <u>પ્રતિજ્ઞા</u>

**આથી હું પ્રતિજ્ઞા લઉં છું કે, જો હું આકસ્મિક રીતે બ્રેઈનડેડ જાહેર થાવ તો અન્યને જીવનદાન આપવા માટે મારા અંગોનું દાન કરવા મારી સંમતિ આપું છું.**

**આ ભગીરથ કાર્ય માટે મારા સંકલ્પને પૂર્ણ કરવા માટે મારા પરિવારજનોનો પણ સહકાર મળશે.**

**આ સિવાય મારા પરિવારમાં/ મારા મિત્રવર્તુળમાં/ મારા સમાજમાં કે, મારી આસપાસ કોઇપણ વ્યક્તિ આકસ્મિક બ્રેઈનડેડ જાહેર થશે, તો તેમના અંગોનું દાન કરવા માટે તેમના પરિવારજનોને હું સમજાવીશ અને પ્રેરિત કરીશ.**

**અંગદાન એ જ જીવનદાન....**

ત્યારબાદ યુનિવર્સિટી અંતર્ગત હાજર રહેલ વિદ્યાર્થીઓને અંગદાન વિશે જાગૃત કરી, પ્રતિજ્ઞા લેવા માટે રજીસ્ટ્રેશન કરાવી, અંગદાન જાગૃતિ અંગેનું પ્રમાણપત્ર અંગેની માહિતી પૂરી પાડી, સૌનો આભાર માની કાર્યક્રમ પૂર્ણ જાહેર કરવામાં આવ્યું.






